| Article Date | Headline / Summary | Publication |
|---|---|---|
| 17 Nov 2025 | Violation of motor insurance premium affects traffic | Divya Bhaskar |

# મોટર ઈન્શ્યોરન્સ પ્રીમિયમને ટ્રાફિક ઉલ્લંઘનથી અસર

**મુંબઈ|** ભારતના રસ્તાઓ ઝડપી વાહનો, સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વધતી ગતિશીલતા સાથે વિકસિત થઈ રહ્યા છે. પરંતુ એક બાબત નથી બદલાતી: માર્ગ સલામતી સાથે કોઈ સમાધાન થઈ શકે નહીં. રસ્તા પરની આપણી પસંદગીઓ માત્ર આપણી સુરક્ષા જ નહીં પરંતુ અન્ય અસંખ્ય લોકોની સુરક્ષાને સીધી અસર કરે છે તેમ બજાજ જનરલ ઈન્શ્યો.ના MD અને CEO તપન સિંઘલે દર્શાવ્યું હતું. મોટર વાહન અધિનિયમ, 1988 હેઠળ થર્ડ-પાર્ટી ઈન્શ્યોરન્સ ફરજિયાત છે, પરંતુ ભારતમાં મોટી સંખ્યામાં વાહનો હજુ પણ ઈન્શ્યોરન્સ વગરના છે. લગભગ 70-75% ટૂ-વ્હીલર, 30-35% ફોર-વ્હીલર અને લગભગ 40% કોમર્શિયલ વાહનોમાં આ મૂળભૂત કાનૂની કવરનો અભાવ છે. આ ફક્ત કાયદાનો ભંગ કરવા વિશે જ નથી, તે જવાબદાર માર્ગ વપરાશકર્તા બનવા વિશે છે.